Banaskantha District Kelavani Mandai
Managed
G. D. MODI COLLEGE OF ARTS
G.D. Modi Vidya Sankul, Highway, Palanpur-385001. Dist. Banaskantha, Gujarat. Ph. : 02742-253784
E-mail: gdmcapalanpur@gujgov.edu.in | E-mail: principal@gdmca.ac.in | Website : www.gdmca.ac.in
"A" Grade by AAA (KCG, Gujarat) | Reaccredited "B+" Grade by NAAC

Date: **16/09/2026**

# શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ : જૂન–જુલાઈ–ઓગષ્ટ ત્રિમાસિક પ્રગતિ અને સિદ્ધિઓનો સંક્ષિપ્ત અહેવાલ

## ૧. શૈક્ષણિક પ્રગતિ અને શૈક્ષણિક શિસ્ત

- વિદ્યાર્થીઓની **નિયમિત હાજરી અને શૈક્ષણિક શિસ્તમાં સુધારો** લાવવા માટે IQAC દ્વારા મહત્વપૂર્ણ પગલાં લેવામાં આવ્યા.
- તમામ અધ્યાપકોને વિદ્યાર્થીઓની **દૈનિક હાજરીનો રેકોર્ડ ફરજિયાતપણે જાળવવા** સૂચના આપવામાં આવી અને તેનું નિયમિત પાલન કરવામાં આવ્યું.
- સતત ગેરહાજર રહેતા વિદ્યાર્થીઓની ઓળખ કરી તેમને રૂબરૂ બોલાવી ગેરહાજરી અંગે કારણો જાણવા અને નિયમિતતા વધારવા માર્ગદર્શન આપવામાં આવ્યું.
- ઓછા હાજરીપ્રમાણ પાછળ નોકરી કરતા વિદ્યાર્થીઓનું પ્રમાણ એક કારણ હોવાનું જણાતા, આવા વિદ્યાર્થીઓની અલગથી માહિતી એકત્રિત કરવામાં આવી. અત્યાર સુધીમાં આશરે **૫૦ વિદ્યાર્થીઓનો ડેટાબેઝ** તૈયાર કરવામાં આવ્યો છે.
- શૈક્ષણિક સમયનો મહત્તમ ઉપયોગ થાય તે માટે **પ્રથમ ત્રણ લેક્ચર પૂર્ણ થયા બાદ રિસેસ** રાખવાની વ્યવસ્થા કરવામાં આવી.
- પ્રથમ ત્રણ લેક્ચર દરમિયાન વિદ્યાર્થીઓ વર્ગખંડમાં જ રહે તેની વિશેષ તકેદારી રાખવામાં આવી.

## ૨. વિદ્યાર્થીલક્ષી વહીવટી સુધારા

- વર્ગખંડના અભ્યાસમાં વિક્ષેપ ન પડે તે માટે કોલેજના કાર્યક્રમો **પ્રથમ બે લેક્ચર પૂર્ણ થયા બાદ** યોજવાની વ્યવસ્થા કરવામાં આવી.
- સહઅભ્યાસિક તથા વધારાની પ્રવૃત્તિઓને વધુ વ્યવસ્થિત અને શૈક્ષણિક રીતે અસરકારક બનાવવા માટે **ત્રણ વ્યાખ્યાનો પૂર્ણ થયા બાદ જ રૂમ નં. ૧૧ અથવા રૂમ નં. ૪માં પ્રવૃત્તિઓનું આયોજન કરવાની સુવ્યવસ્થિત પદ્ધતિ અમલમાં મૂકવામાં આવી.**
- શૈક્ષણિક સમયનો મહત્તમ સદુપયોગ થાય તે માટે **સવારે ૧૦:૩૦ વાગ્યા પછી વહીવટી કામગીરી** શરૂ કરવાની વ્યવસ્થા કરવામાં આવી.
- વિદ્યાર્થીઓને ઓફિસની બહાર લાંબી કતારોમાં ઊભા રહેવું ન પડે તે માટે કર્મચારીઓ દ્વારા વર્ગખંડોમાં જઈ **એનરોલમેન્ટ અને શિષ્યવૃત્તિના ફોર્મ એકત્રિત** કરવાની વિદ્યાર્થીલક્ષી વ્યવસ્થા કરવામાં આવી.

- Telegram અને WhatsApp જેવા ડિજિટલ માધ્યમો દ્વારા વિદ્યાર્થીઓને **નોટિસ, સૂચનાઓ અને શૈક્ષણિક માર્ગદર્શન ઝડપી અને સતત** પહોંચાડવામાં આવે છે.
- વહીવટી તથા શૈક્ષણિક પ્રક્રિયાઓને વધુ **ડિજિટલ, પારદર્શક અને ઓનલાઈન** બનાવવાની દિશામાં કામગીરી આગળ ધપાવવામાં આવી.

## ૩. વિભાગીય શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રવૃત્તિઓ

- **અર્થશાસ્ત્ર વિભાગ** દ્વારા World Population Day નિમિત્તે ઓનલાઈન ક્વિઝ યોજાઈ, જેમાં **૧૫૮ વિદ્યાર્થીઓ** જોડાયા.
- વિદ્યાર્થીઓને વ્યવહારુ જ્ઞાન મળે તે માટે **બનાસ ડેરીની શૈક્ષણિક મુલાકાત** યોજવામાં આવી.
- World Entrepreneurship Day નિમિત્તે ઉદ્યોગસાહસિકતા અંગે વિશેષ વ્યાખ્યાનો યોજાયા; **૧૧૦ વિદ્યાર્થીઓ**ને માર્ગદર્શન મળ્યું.
- **Youth Co-operative Training Class** દ્વારા સહકારી ક્ષેત્રની કામગીરી, રોજગારની તકો અને તાલીમ અંગે વ્યવહારુ માર્ગદર્શન આપવામાં આવ્યું; **૭૦ વિદ્યાર્થીઓ** જોડાયા.
- **રાજ્યશાસ્ત્ર વિભાગ** દ્વારા વિદ્યાર્થીઓને લોકશાહી અને સંસદીય પ્રક્રિયાની વ્યવહારુ સમજ મળે તે માટે **ગુજરાત વિધાનસભાની શૈક્ષણિક મુલાકાત** યોજાઈ.
- **ગુજરાતી વિભાગ** દ્વારા ઉમાશંકર જોશી અને વીર નર્મદ જેવા ગુજરાતી સાહિત્યના સર્જકોની જન્મજયંતિ ઉજવવામાં આવી. ઉમાશંકર જોશી જન્મજયંતિમાં **૧૩૭** અને વીર નર્મદ જન્મજયંતિમાં **૧૫૭ વિદ્યાર્થીઓ** જોડાયા.
- વિદ્યાર્થીઓમાં વાંચનની ટેવ વિકસાવવા **Library Session** યોજવામાં આવ્યું.
- **સંસ્કૃત વિભાગ** દ્વારા સંસ્કૃત સપ્તાહની ઉજવણી કરવામાં આવી. રેલીમાં **૧૫૦** અને સંસ્કૃત સંભાષણમાં **૭૧ વિદ્યાર્થીઓ** જોડાયા.
- "**હસ્તપ્રત વિદ્યા અને ભારતીય લેખન કલા**" વિષય પર વર્કશોપ યોજાયો.

## ૪. કૌશલ્ય, કારકિર્દી અને વ્યક્તિત્વ વિકાસ

- **Internship Awareness Workshop**માં આશરે **૭૦૦ વિદ્યાર્થીઓ**એ ભાગ લીધો. વિદ્યાર્થીઓને ઇન્ટર્નશિપના મહત્વ, વ્યવહારુ અનુભવ અને કારકિર્દી સાથેના તેના સંબંધ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું.
- **Leadership and Personality Development Programme** દ્વારા વિદ્યાર્થીઓમાં નેતૃત્વ, સંવાદકૌશલ્ય, નિર્ણયક્ષમતા, સમસ્યા ઉકેલવાની ક્ષમતા અને આત્મવિશ્વાસ વિકસાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો; આશરે **૧૦૦ વિદ્યાર્થીઓ** જોડાયા.
- સપ્ટેમ્બર માસમાં **Career Awareness Programme**નું આયોજન કરવામાં આવ્યું.
- ઉદ્યોગસાહસિકતા અંગેના કાર્યક્રમો દ્વારા વિદ્યાર્થીઓને **સ્વરોજગાર અને Entrepreneurship**ને કારકિર્દીના વિકલ્પ તરીકે સમજાવવામાં આવ્યા.

## ૫. સાંસ્કૃતિક અને સાહિત્યિક પ્રવૃત્તિઓ

- Cultural Committee દ્વારા **વક્તૃત્વ અને પોસ્ટર મેકિંગ સ્પર્ધા** યોજાઈ, જેમાં કુલ **૭૮ વિદ્યાર્થીઓ** જોડાયા.

- **ગુરુ પૂર્ણિમા અને ગુરુ વંદના કાર્યક્રમ** દ્વારા ગુરુ–શિષ્ય પરંપરા, મૂલ્યો અને શિક્ષકના મહત્વ અંગે વિદ્યાર્થીઓમાં જાગૃતિ કેળવવામાં આવી.
- ગુરુ પૂર્ણિમાના કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ દ્વારા વિચારોની રજૂઆત કરવામાં આવી.
- **રક્ષાબંધન પર્વ**ની ઉજવણીમાં **૪૪ વિદ્યાર્થીઓ** જોડાયા.
- વિવિધ સાહિત્યિક કાર્યક્રમો દ્વારા વિદ્યાર્થીઓમાં **સર્જનાત્મકતા, વક્તૃત્વ, અભિવ્યક્તિ અને સાહિત્ય પ્રત્યેની રુચિ** વિકસાવવામાં આવી.

## ૬. NSS, સમાજસેવા અને પર્યાવરણ

- NSS Orientation Programmeમાં **૮૫ વિદ્યાર્થીઓ**ને NSSના ઉદ્દેશો અને સમાજસેવાની પ્રવૃત્તિઓ અંગે પરિચિત કરવામાં આવ્યા.
- **Seed Ball Distribution and Plantation** કાર્યક્રમમાં **૬૯ વિદ્યાર્થીઓ** જોડાયા અને પર્યાવરણ જાગૃતિ તથા વૃક્ષારોપણને પ્રોત્સાહન આપવામાં આવ્યું.
- NSS દ્વારા **નશામુક્તિ અભિયાન** અંતર્ગત વક્તૃત્વ તથા નિબંધ સ્પર્ધાઓ યોજાઈ, જેમાં **૨૬ વિદ્યાર્થીઓ** જોડાયા.
- **Nasha Mukti Pratigya Mahaabhiyan** અંતર્ગત સમગ્ર કોલેજના વિદ્યાર્થીઓએ Open Air Theatre ખાતે વ્યસનમુક્ત ભારત માટે પ્રતિજ્ઞા લીધી.
- NSS દ્વારા ઉનાળાની ઋતુમાં **છાશ વિતરણ કાર્યક્રમ** યોજાયો, જેમાં **૧૫ વિદ્યાર્થીઓ**એ સેવા આપી.

## ૭. મહિલા સશક્તિકરણ અને જાગૃતિ

- College Women Development Cell દ્વારા **"Legal Rights of Women"** વિષય પર વ્યાખ્યાન યોજાયું, જેમાં **૧૩૮ વિદ્યાર્થિનીઓ** જોડાઈ.
- **Cervical Cancer Awareness, HPV Vaccination, Menstruation and Menstrual Irregularities** વિષય પર જાગૃતિ કાર્યક્રમ યોજાયો, જેમાં **૯૭ વિદ્યાર્થિનીઓ**એ ભાગ લીધો.
- આવા કાર્યક્રમો દ્વારા વિદ્યાર્થિનીઓમાં **કાનૂની અધિકારો, આરોગ્ય અને સ્વ–જાગૃતિ** અંગે સમજ વિકસાવવામાં આવી.

## ૮. રાષ્ટ્રીય એકતા અને મૂલ્યશિક્ષણ

- **અખંડ ભારત સંકલ્પ દિવસ**ની ઉજવણીમાં **૧૩૧ વિદ્યાર્થીઓ** જોડાયા અને રાષ્ટ્રીય એકતા તથા અખંડિતતાના મૂલ્યો અંગે જાગૃતિ કેળવવામાં આવી.
- ગુરુ વંદના અને અન્ય મૂલ્યલક્ષી કાર્યક્રમો દ્વારા વિદ્યાર્થીઓમાં **આદર, જવાબદારી, સામાજિક સંવેદના અને રાષ્ટ્રીય મૂલ્યો** વિકસાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો.

## ૯. આરોગ્ય અને યોગ

- **12th International Yoga Day Celebration**નું આયોજન કરવામાં આવ્યું, જેમાં વિદ્યાર્થીઓ, NSS/NCC કેડેટ્સ તથા અધ્યાપક અને બિન–અધ્યાપક કર્મચારીઓ સહિત આશરે

**૩૦૦ સહભાગીઓ** જોડાયા. યોગાસન, પ્રાણાયામ/ઓમકાર અને યોગના શારીરિક–માનસિક લાભ અંગે જાગૃતિ કેળવાઈ.

## ૧૦. સંશોધન અને શૈક્ષણિક પહેલ

- કોલેજ દ્વારા પ્રથમ વખત **ભાષા વિષયક રાષ્ટ્રીય કક્ષાની સેમિનાર માટે બે પ્રસ્તાવો** તથા **સામાજિક વિજ્ઞાન વિષયક રાષ્ટ્રીય કક્ષાની સેમિનાર માટે એક પ્રસ્તાવ** રજૂ કરવામાં આવ્યો. ઉપરાંત, **રાજ્ય કક્ષાની વર્કશોપ માટે પણ એક પ્રસ્તાવ** રજૂ કરવામાં આવ્યો.
- **KCG સમક્ષ મેજર તથા માઇનોર રિસર્ચ પ્રોજેક્ટ માટે ચાર અધ્યાપકો—ડૉ. મિહિર દવે, ડૉ. હેમલ પટેલ, ડૉ. મુકેશ પ્રજાપતિ અને ડૉ. વિજય પ્રજાપતિ—દ્વારા સંશોધન પ્રસ્તાવો રજૂ કરવામાં આવ્યા.**
- અંબાજી ખાતે યોજાયેલી **આંતરરાષ્ટ્રીય સેમિનારમાં કોલેજના આઠ અધ્યાપકોએ સંશોધનપત્રો રજૂ કર્યા.** આ પ્રસંગે **ડૉ. મુકેશ પ્રજાપતિને 'બેસ્ટ પેપર એવોર્ડ'** પ્રાપ્ત થયો, જે કોલેજ માટે નોંધપાત્ર શૈક્ષણિક સિદ્ધિ છે.

- 'સ્વયં શિક્ષણ દિવસ'ની ઉજવણી દ્વારા વિદ્યાર્થીઓને શિક્ષકની ભૂમિકા નિભાવવાની તક આપવામાં આવી. વિદ્યાર્થીઓએ પસંદ કરેલા વિષયો પર પૂર્વ તૈયારી કરી વર્ગખંડમાં અધ્યાપન કર્યું. આ પ્રવૃત્તિ દ્વારા **વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ, વિષયજ્ઞાન, સંવાદકૌશલ્ય, રજૂઆતકૌશલ્ય અને જવાબદારીની ભાવનાનો વિકાસ** થયો.

## ૧૧. સાહિત્યિક સંવાદ

- **તારીખ 15/09/26, બુધવારના** રોજ પાલનપુર સ્થિત જી.ડી. મોદી કોલેજ ઓફ આર્ટસ ખાતે **"સાહિત્યિક સંવાદ"** કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાતના જાણીતા કવયિત્રી, વિવેચક, સંપાદક, સંશોધક અને અનુવાદક ડો. ઉષા ઉપાધ્યાય અને કાંકણપુર આર્ટસ કોલેજના પૂર્વ આચાર્યશ્રી ડો. કુમાર જૈમિની શાસ્ત્રી, પ્રસિદ્ધ ગઝલકાર, વિવેચક, સંપાદક અને અનુવાદક ઉપસ્થિત રહ્યા હતા.

## ૧૨. રમતગમત

- યુનિવર્સિટી આંતર કૉલેજ ઓફ આર્ટ્સ, પાલનપુર ભાઇઓની ટીમ હેન્ડબોલ રમતમાં ચેમ્પિયન થયેલ છે.
- ટેક વિન્ડો રમતમાં ચૌધરી ઉર્મિ ચેમ્પિયન થયેલ છે.

## ૧૩. સમાપન

- આ ત્રણ મહિના દરમિયાન G.D. Modi College of Arts દ્વારા **શૈક્ષણિક ગુણવત્તા, વિદ્યાર્થી શિસ્ત, વિદ્યાર્થીલક્ષી વહીવટ, કૌશલ્ય અને કારકિર્દી વિકાસ, સંશોધનમુખી વાતાવરણ, સાંસ્કૃતિક જાગૃતિ, સમાજસેવા, પર્યાવરણ સંરક્ષણ અને મહિલા સશક્તિકરણ** જેવા વિવિધ ક્ષેત્રોમાં સક્રિય કામગીરી કરવામાં આવી.
- સંસ્થાની કામગીરીમાં "વિદ્યાર્થી કેન્દ્રિતતા, શૈક્ષણિક પ્રાથમિકતા, શિસ્ત અને ડિજિટલ પારદર્શિતા" ને મુખ્ય આધારસ્તંભ તરીકે આગળ ધપાવવામાં આવ્યા.